
## ચાલો મનાવીએ, પરાક્રમી જવાનોને ૨૧ તોપોની સલામીનું પર્વ

# યુદ્ધ '૭૧



૧૯૭૫માં બનેલી 'આક્રમણ' ફિલ્મનું કિશારકુમારના કંઠે ગવાયેલું અવિસ્મરણીય ગીત છે: 'દેખો વીર જવાનો અપને ખૂન પે યે ઈલજામ ન આયે, માં ના કહે કે મેરે બેટે વખ્ત પડા તો કામ ન આયે.'

૧૯૭૧માં ભારતીય જવાનોને વતનપરસ્તીની અને ફરજપરસ્તીની આવી રીતે યાદ અપાવવાની જરૂર ન હતી. ડિસેમ્બર ૩, ૧૯૭૧ની સાંજે રણહાક પડી કે તરત બહાદુરોએ શત્રુનાશ માટે બાંયો ચડાવી અને ૧૩મા દિવસે આક્રમણખોરોને પરાસ્ત કરી શરણગતિનો પત્ર લખી આપવા મજબૂર કરી છે.

વિજયદિનની ૫૦ મી જયંતિએ આજે તે રાષ્ટ્રપૂતોનું પાવન સ્મરણ કરીએ. યુદ્ધમાં જેઓ જખમી થયા, જીવ પડીકે બાંધી જેઓ લડ્યા અને જેમણે ભારતમાતાની સુરક્ષાના કાજે જાન ખોયા એ જવાનો ૨૧ તોપોની સલામીના હક્કદાર છે. આજથી શરૂ થતી રોજેરોજના અહેવાલોની શ્રેણીની PDF આપ દરેક વ્યક્તિ પોતાના ૨૧ સ્નેહી-મિત્રો-સગાંને મોકલો, જેથી વધુમાં વધુ લોકો રાષ્ટ્રપૂતોના પરાક્રમો અંગે વાકેફ બને. નક્કી માનો કે ૨૧ PDF મોકલવાનું આપનું કાર્ય એ શૌર્યવાન જવાનોને પ્રતીકાત્મક રીતે અપાયેલી ૨૧ તોપોની સલામી બની રહેશે કે જેમાંના ઘણા ખરા આજે હયાત નથી.





# તારીખ ડિસેમ્બર ૧૩, ૧૯૭૧ઃ આ તારીખે ૫૦ વર્ષ પહેલાં શું બન્યું?

પાકિસ્તાનીઓ જમ્મુના છામ્બ ક્ષેત્ર પર જબરજસ્ત હલ્લો લાવ્યાં હતાં અને ભારતીય સેના તે હુમલાને પ્રભાવી રીતે ખાળી ન શકતી હતી. પાકિસ્તાનનો ડોળો હંમેશાં છામ્બ પર મંડાયેલો રહેતો, કેમ કે છામ્બની સહેજ પૂર્વ તરફ પસાર થતાં જમ્મુ-પૂંચ ધોરી માર્ગને કાપી નાખવામાં આવે તો કાશ્મીર સાવ છૂટું પડી જાય તેમ હતું. (જુઓ નકશો.) ૧૯૬૫માં પણ પાક લશ્કરે પહેલું આક્રમણ છામ્બ પર કરેલું અને ત્યારે યાહ્યા ખાન લેફ્ટનન્ટ-જનરલ તરીકે એ સૈન્યના કમાન્ડિંગ ઑફિસર હતા. ભારતીય વાયુસેનાએ આપણા જવાનો માટે આકાશી છત્ર પૂરું પાડતા માટે જે ચાર વામ્પાયર ફાઇટર જેટ મોકલ્યાં એ ચારેયને પાકિસ્તાને ઍન્ટિ-ઍરક્રાફ્ટ તોપ વડે ફૂંકી દીધાં હતાં.

નોંધવા જેવું છે કે છામ્બનું અસ્તિત્વ માત્ર સારી પેઠે વસેલા ગામ તરીકેનું અને કાશ્મીરના અમુક નકશાઓમાં તે જોવા પણ મળે નહિ. આમ છતાં તેનું ભૌગોલિક સ્થાન આક્રમણખોરો માટે એકદમ માફકસરનું હોવાને કારણે ભૂતકાળમાં ઍલેક્ઝાન્ડર ધ ગ્રેટ, મુહમ્મદ ગઝની, નાદિરશાહ, બાબર, તૈમૂર તથા અહમદશાહ અબ્દાલી જેવા હુમલાખોરો છામ્બના માર્ગે ભારત પર ચડી આવ્યા હતા. ૧૯૬૫માં ત્યાં ખૂંખાર જંગ ખેલાયો હતો, જેમાં પુષ્કળ ભોગ આપીને ભારતે છામ્બનો ૪૯૦ ચોરસ કિલોમીટર જેટલો પ્રદેશ જીતી લીધો હતો. વિજય મેળવ્યા પછી તે પ્રદેશને ભારતે હરગીઝ જતો ન કરવો જોઈએ, છતાં તાશ્કંદના કરાર વખતે તત્કાલીન વડા પ્રધાન લાલબહાદુર શાસ્ત્રીએ છામ્બનો વિસ્તાર જનરલ અયુબખાનને પાછો આપી દીધો.

શાસ્ત્રીજીની તે અક્ષમ્ય ભુલ હતી, જેને લીધે ભારતીય લશ્કરમાં સખત આક્રોશ ફેલાયો હતો. નાગરિક સત્તા ભારતના રાજ્યબંધારણ મુજબ સર્વોપરિ લેખાય, તેથી અફસરો કે જવાનો પોતાનો ગુસ્સો જાહેરમાં વ્યક્ત કરી શક્યા નહિ. વળી તાશ્કંદમાં જ શાસ્ત્રીજીનું અકાળ મૃત્યુ થતાં દેશમાં ગમગીનીનું જે વાતાવરણ પેદા થયું તેણે (કદાપિ ન કરવા જેવા) તાશ્કંદ કરારને બ્રેકગ્રાઉન્ડમાં સ્થાનાંતરિત કરી દીધા. આ કરારના અનવ્યે હાજી પીરનો વ્યૂહાત્મક રીતે અત્યંત મહત્ત્વનો કે પછી એમ કહો કે કાશ્મીરની જીવાદોરી તરીકેનો ઘાટ પણ શત્રુને પાછો સુપરત કરાયો એ પણ જેવી તેવી ભુલ ન હતી.

શાસ્ત્રીજી આટલી હદે નમતું જોખવાનું કારણ ન હતું. મહારાજ્યોના દબાણ સામે તેઓ અડગ રહ્યા હોત અને તે માટે કરોડો ભારતીય પ્રજાજનોનો સાથ માગ્યો હોત તો એ મળી રહેવાનો હતો. લડાઈ દરમ્યાન મળ્યો પણ હતો. અમેરિકાના ભારતવિરોધી પ્રમુખ લિન્ડન જ્હોનસને ભારત પર દબાણ લાવવા આપણને મળતી PL 418 (અમેરિકાના Public Law 418) હેઠળ મળતા ઘઉંનો સપ્લાય બંધ કર્યો અને દેશમાં અન્નસમસ્યા જાગી ત્યારે શાસ્ત્રીજીએ સૌ પ્રજાજનોને અપીલ કરી કે સોમવારની સાંજે ભોજન લેવું નહિ. માત્ર એક ટંકનું ખાવાનું માંડી વાળવામાં આવે તો પછી કશી મુશ્કેલી ન હતી. દેશભરના લોકોએ 'શાસ્ત્રી સોમવાર' નિષ્ઠાપૂર્વક પાળ્યો અને પ્રમુખ જ્હોનસને છેવટે નમતું જોખવું પડ્યું.

છામ્બ પૂરતી વાત આગળ ચલાવીએ. આ ક્ષેત્રનો જીતાયેલો પ્રદેશ તાશ્કંદ ખાતે પાકિસ્તાનને વળી સુપરત કરી દેવાયો તેનું



અત્યંત માઠું પરિણામ ૧૯૭૧માં ભારતીય જવાનોએ મોરચે વેઠી રહ્યા હતા. પુષ્કળ જાનહાનિ થતી હતી. અનેક જવાનો બૂરી રીતે ઘાયલ થતા હતા. આમ છતાં સરવાળે તો પીછેહઠ જ કરવી પડતી હતી. જમ્મુ-પૂંચ માર્ગ જોખમમાં આવી પડ્યો એ તો બહુ મોટી ચિંતા હતી.

ભારતીય વાયુસેનાએ ડિસેમ્બર ૧૩ના રોજ પ્રારંભમાં જાસૂસી ઉડ્ડયનો યોજ્યાં ત્યારે જોવા મળ્યું કે છામ્બની સહેજ દક્ષિણે બુરેઝાલ નામના સ્થળે પાક રણગાડીઓ, પુરવઠાનાં વાહનો તેમજ બખ્તરિયા સૈનિકવાહક વાહનો માટે બળતણનો મોટો જથ્થો ટાંકીઓમાં સંગ્રહિત હતો. પણ આપણા હન્ટર તથા કેનબેરા વિમાનોએ તેના પર લગભગ ૮,૦૦૦ કિલોગ્રામ જેટલા બોમ્બ વરસાવી બળતણના તમામ સ્ટોકનો ફેંસલો લાવી દીધો. આમ છતાં પાકિસ્તાનનું સૈન્યનું પલ્લું છેવટે તો ભારે જ રહ્યું. તાશ્કંદ કરારની બહુ આકરી કિંમત આપણા જવાનો ચૂકવી રહ્યા હતા.

■

કરાંચી નજીકના બદિન ઍરબેઝ પરથી રવાના થયેલા પાક ઍર ફોર્સના બે F-104 Starfighters દરિયા ઉપર બહુ નીચી સપાટીએ ઉડ્ડયન કરતાં જામનગર પર ઍટેક માટે આવ્યાં. ઉડ્ડયનનું લેવલ નીચું રાખ્યું, જેથી રેડારમાં તેમનું આગમન પકડાય નહિ. દરિયાકાંઠો નજીક આવ્યો ત્યારે બન્ને વિમાનોએ પોતપોતાના મોરા ઊંચક્યા અને જામનગર ઍરબેઝ પર તરાપ મારવા ઊંચે ચડ્યાં. ભારતના સુખદયોગે MiG-21 ફાઈટર-ઈન્ટરસેપ્ટર પ્લેન એ વખતે આકાશમાં પેટ્રોલિંગ કરી રહ્યાં હતાં. આ પ્રકારનાં વિમાનો ભારતમાં ભલે વિવાદાસ્પદ ગણાયાં હોય, પરંતુ દુશ્મન પ્લેનને આંતરી (એટલે કે ઈન્ટરસેપ્ટ / intercept કરી) ફૂંકી દેવામાં તેઓ જે ફૂલપ્રૂફ ભૂમિકા અદા કરે તેની મિસાલ નહિ. (સોવિયત રશિયાએ એટલે જ ૧૦,૦૦૦ કરતાં વધુ સંખ્યામાં MiG-21 બનાવ્યાં હતાં.) આ સંત્રી પ્લેનને જોતાવેંત દુશ્મન પાઈલટોએ જામનગર પર ઍટેક કરવાનું માંડી વાળ્યું અને પોતે ઝડપભેર સમુદ્ર તરફ પાછાં વળ્યાં. ભારતના ફ્લાઈટ-લેફ્ટનન્ટ બી. બી. સોની નામના હવાબાજે તેમનો પીછો કર્યો. એક Starfighter બચી નીકળ્યું, પણ બીજાને Mig-21 ના ફ્લાઈટ-લેફ્ટનન્ટ સોનીએ 30 mm ની તોપના ગોળા ફટકારી ફૂંકી દીધું. એક તોપગોળો કદાચ ફ્યૂઅલ ટેન્કને લાગ્યો, એટલે Starfighter ધડાકા સાથે ફાટ્યું, તૂટી પડે તે પહેલાં પાઈલટ તેની ઈજેક્શન સીટ સહિત બહાર નીકળી પેરાશૂટ વડે સમુદ્રમાં શાર્કના માછલીનાં ટોળાં વચ્ચે ઊતર્યો. શી ખબર, અંતે શું બન્યું.

*આ ફોટોગ્રાફ સ્ટારફાઈટર તરફ ધસી રહેલા સોનીના MiG-21 નો છે. રશિયન MiG-21ની ઝડપ કલાકના ૨,૨૦૦ કિલોમીટર, એટલે તેનો પીછો છોડાવવો તે શત્રુ માટે સહેલી વાત નહિ.*






*જામનગરના આકાશમાં ફ્લાઈટ-લેફ્ટનન્ટ (વખત જતાં વિંગ કમાન્ડર) ભારત ભૂષણ (B.B.) સોનીએ પાકિસ્તાનના F-104 સ્ટારફાઈટરને તોડી પાડ્યું.*

પાકિસ્તાનની વાયુસેના માટે બાંગલાદેશમાં પણ ૧૩મી ડિસેમ્બરનો દિવસ મનહૂસ રહ્યો. સવારે 7:00 વાગ્યે ભારતના ૨૬ વર્ષીય ફ્લાઈંગ ઑફિસરનું હન્ટર પ્લેન અને શત્રુનાં બે સેબર જેટ ઢાકાના માથે આમનેસામને આવ્યાં. એક સેબર જેટ ફ્લાઈંગ ઑફિસરના હન્ટરનો શિકાર બન્યું. બીજા સેબર જેટના તોપગોળા હન્ટરને વાગ્યાં. ફ્લાઈંગ ઑફિસરે શત્રુનો કેડો છોડાવી પોતાના જખમી હન્ટરને ભારતીય ઍરબેઝ પર ઊતાર્યું. ઍરબેઝ પર જેવું તેનું આગમન થયું કે તરત બીજાં હન્ટર આકાશમાં ચડ્યાં. દિવસ પૂરો થયો ત્યાં સુધીમાં પાકિસ્તાને ૧૪ વિમાનો ખોઈ દીધાં, જેમાં ૧૦ સેબર જેટ હતાં. આમ તો વાયુસેનાના ઍર-માર્શલ દીવાને થોડા દિવસ અગાઉ જાહેર કર્યા મુજબ બાંગલાદેશમાં પાકિસ્તાનનું ઍરફોર્સ લગભગ નષ્ટ થયું હતું, પરંતુ જણાય છે કે ભંગાર ખાતે માંડવાલાયક અમુક જખમી પ્લેનના પાર્ટ્સ કાઢી બીજા સેબર જેટને દુરસ્ત કરી દેવાયાં હતાં.

■

લેફ્ટનન્ટ-જનરલ સાગતસિંહએ બાંગલાદેશના મેઘના નદીના ૫ શ્ચિમે ટાંગેઈલ ખાતે જે paratroopers / છત્રીસૈનિકોને ઉતાર્યા તેમની સંખ્યા આશરે ૮૦૦ જેટલી હતી. રાજધાની ઢાકાની દિશામાં તેઓ આગળ વધ્યા.


પ્રગટ થઈ ગયું છે....
યુદ્ધ '૭૧
ભારત-પાક સંગ્રામની સિલસિલાબંધ સત્યકથા
■ નગેન્દ્ર વિજય
કુલ ૨૩ પ્રકરણોની સળંગ યુદ્ધકથા •
સંખ્યાબંધ ચિત્રો, નકશા તથા આકૃતિઓ •
શસ્ત્રોની આશ્ચર્યજનક માહિતી •
યુદ્ધ '૭૧
ભારત-પાક સંગ્રામની સિલસિલાબંધ સત્યકથા
ફક્ત ૧૪ દિવસમાં
પાકિસ્તાનના જેણે
બે ટુકડા કરી નાખ્યા એ
૧૯૭૧ના ભારત-પાક યુદ્ધની સત્યકથાનું
નગેન્દ્ર વિજયની કલમે લખાયેલું
બેસ્ટ-સેલર પુસ્તક...
₹ 350/-
(પોસ્ટેજ ચાર્જ અલગ)
આજે જ www.harshalpublications.in પરથી ઓનલાઇન ખરીદો.

અગાઉ નોંધ્યું તેમ જનરલ નિયાઝીએ ઢાકા, કોમિલ્લા, ચિત્તાગોંગ, કોક્સ બજાર, જૈસોર વગેરે મળીને કુલ ૧૦ શહેરો ફરતે સૈનિકો રાખી કિલ્લેબંધી રચી હતી. આ શહેરો જ્યાં સુધી પાકિસ્તાનના હાથમાં રહે ત્યાં સુધી પરાજયનો ડર ન હતો. ઘણાખરા સૈનિકોને નિયાઝીએ તે શહેરો માટે અનામત રાખ્યાં, એટલે પછી ઢાકા તરફ જતા માર્ગો પર દર થોડા અંતરે માત્ર નાની પલટણો રહી જવા પામી હતી. સાગતસિંહના જવાનો એક પછી એક પલટનને હરાવતા આગેકૂચ કરતાં રહ્યા. ઢાકાને પોતાનું લક્ષ્યાંક બનાવી સાગતસિંહ લેફ્ટનન્ટ-જનરલ જગજિતસિંહ અરોરાના આર્મી હેડ્ક્વાર્ટસએ આપેલા ફરમાનને અવગણી રહ્યા હતા અને સૈન્યના નીતિનિયમો મુજબ તે શિસ્તભંગ હતો. લેફ્ટનન્ટ-જનરલ જગજિતસિંહ અરોરા બાંગલાદેશ પૂરતા સર્વોચ્ચ આર્મી કમાન્ડર હતા. સાગતસિંહને તેમણે ઢાકા તરફની કૂચ અટકાવી દેવા જણાવ્યું. ખુમારીભર્યા શબ્દોમાં તેમને જવાબ મળ્યો: 'Jaggi, over my dead body.' આ જડબેસલાક ઉત્તર હતો–પછી ભલે તેમાં લશ્કરી શિસ્તનું ઉલ્લંઘન થતું હતું.


*ઈસ્ટર્ન કમાન્ડના સેનાપતિ લેફ્ટનન્ટ-જનરલ જગજિતસિંહ અરોરા બાંગલાદેશના હિરો કહેવાયા, પણ સાગતસિંહને ભૂલી ન શકીએ*

બે જણા વચ્ચે ત્યાર પછી વાયરલેસ દ્વારા શો વાર્તાલાપ ચાલ્યો તે કદી જાહેર કરાવાનું ન હતું. સાગતસિંહએ એટલી ચોખવટ કરી કે યુદ્ધના મેદાન પર તેઓ કમાન્ડર હતા અને જે પણ તક સાંપડે તેને ઝડપી લેવી એ તેમની ફરજ હતી. ઢાકા તરફ જવા માટે તક મળી, એટલે તેઓ આગળ વધતા જવાના હતા.

■

લેફ્ટનન્ટ-જનરલ સાગતસિંહ ઢાકા પર ત્રાટકવા માટે જબરજસ્ત પાયે જે પૂર્વતૈયારી કરી ચૂકેલા એ જોતાં પણ અડધે પહોંચ્યા બાદ અટકી જવાનો સવાલ જ રહેતો ન હતો. મેઘના નદીની પશ્ચિમ તરફ ટાંગેઈલ પર છત્રીસૈનિકોને paradrop કરવાનું મિશન કેટલા મોટા પાયે હાથ ધરાયેલું તેનું વિવરણ જરા માંડીને આ લેખીએ. પાંચ-સાત કે પાંચ-પંદર નહિ, બલકે ઘોંઘાટિયાં પ્રોપેલર એન્જિનો ધરાવતાં સામટાં 48 વિમાનો એકાએક જ તેમજ એકસાથે ટાંગેઈલના આકાશમાં ચડી આવ્યાં. જાણે મેઘવાદળો સતત ગરજતા હોય એવો વિમાનોનો કાનના પડદા હચમચાવી દેતો અવાજ હતો.

આ સૈનિકવાહક વિમાનોમાં સૌથી મોખરે DC-3 Dakota હતાં. કેટલાક મીટર પાછળ અમેરિકી બનાવટનાં C-119 Packet વાજોવાજ આવી રહ્યાં હતાં. આ વિમાનોનો પૂંઠીરો ભાગ માત્ર ખોલી-બંધ કરી શકાય તેવા દરવાજાનો બનેલો હતો, એટલે ઘણા paratroopers તે દરવાજો ખોલીને એકસાથે બહાર આવી જતા હતા. સૌથી પાછળ 4 પ્રોપેલર એન્જિનો ધરાવતા AN-12 એન્તોનોવ પ્રકારનાં રશિયન વિમાનો હતાં. સૌથી મોટું કદ તેમનું હતું અને વધુમાં વધુ સૈનિકો તેમાં બેસી શકતા હતા. બધું મળીને 48 વિમાનોનાં વળાવિયાં તરીકે એટલે કે તેમના રક્ષણ માટે બે MiG-21 સહેજ ઊંચા લેવલે ઊડતાં હતાં. બેઉને પૂરેપૂરાં શસ્ત્રસજ્જ કરી દેવાયાં હતાં.

ઉતરાણ માટે નિયત સ્થળ આવ્યું ત્યારે એક પછી એક છત્રીસૈનિક *'બોલો છત્રી માતા કી જય!'* ના પોકાર સાથે નીચે કૂદી પડવા લાગ્યો. આ તેમનો નારો હતો. પ્રાણરક્ષક પેરેશૂટને તેમણે માતાની પાઈરીએ મૂકી હતી. ઉલ્લેખનીય છે કે સૌથી પહેલાં સેકન્ડ-લેફ્ટનન્ટ લાલી ગિલ નામના અફસરે સ્કાયજમ્પ લગાવ્યો, જેમણે અગાઉ કદી એવું સાહસ ખેડ્યું ન હતું. આ તેમનો પહેલો અનુભવ હતો. C-190 માંથી પડતું મૂક્યા બાદ શ્વાસ જાણે ગળામાં અટકી પડતો હોય એવું તેમને લાગ્યું. થોડી સેકન્ડો બાદ પેરેશૂટ ખૂલતાં તેમને જોરદાર આંચકો લાગ્યો. ખૂલી ગયેલી પેરેશૂટે તેમના ઝડપી પતનને અચાનક બ્રેક લગાવીને કાબૂમાં લીધું, એટલે તેનો જર્ક સેકન્ડ-લેફ્ટનન્ટ ગિલ માટે જરા આઘાત સમો નીવડ્યો.

લગભગ ૮૦૦ જેટલા તમામ


**DC-3 Dakota**

છત્રીસૈનિકોની પેરેશૂટ ખૂલ્યાં પછી આકાશી દૃશ્ય જાણે અનેક ફૂલો સામટાં ખીલ્યાં હોય એવા ગુલિસ્તાન જેવું બન્યું. નિયત કરાયેલો ડ્રોપ ઝોન / Drop Zone / DZ ટાંગેઈલની 70 કિલોમીટર ઉત્તરનો હતો, જેનું ક્ષેત્રફળ 2 x 1 ચોરસ કિલોમીટર જેટલું હતું. બધા સૈનિકોનું એ ક્ષેત્રમાં અવતરણ થાય તે કેમ તેનો આધાર પવનના વેગ પર રહે, જે paradropping વખતે કલાકના 22 કિલોમીટર જેટલો હતો. ઊતરાણની ભૂમિ લગભગ સપાટ હતી. છૂટાછવાયાં ગામો ત્યાં વસ્યાં હતાં અને ઘણાંખરાં ઘરોનાં આગલા યા પાછલા ભાગમાં મત્સ્યઉછેર માટે નાનાંમોટા જળાશયો હતાં. (બંગાળીઓને માછલી વગર ન ચાલે. કહેવાય છે કે દીકરીને પારકા ઘરે આપવાની હોય ત્યારે દીકરીનાં માતા-પિતા તપાસ કરી લે કે મૂરતિયાને ત્યાં જળાશય છે કે નહિ. જો હોય તો હૈયાધારણ મળે કે દીકરી ભૂખે મરવાની નથી.) જળાશયો અનેક હોવાને લીધે કેટલાક ભારતીય સૈનિકો એક યા બીજા જળાશયમાં પડ્યા અને પેરેશૂટ નીચે બાંધેલી અમુક ટેન્કવિરોધી તોપો પણ પાણીમાં ડૂબી. આ ભારેખમ તોપોને બહાર કાઢવા માટે જવાનોએ સામૂહિક રીતે જોર લડાવી ભારે પરિશ્રમ કરવો પડ્યો. અમુક paratroopers ઘરોનાં છાપરાં પર ઉતર્યા, જે તાડપત્રી જેવા આવરણનાં બનેલાં હોવાને લીધે આરપાર નીકળી તેઓ ઘરમાં વણનોતર્યા અતિથિ બન્યા.



***AN-12 Antonov***

સેંકડો છત્રીસૈનિકોના આગમને કેટલાક પાકિસ્તાની સૈનિકોમાં ઘભરાટ ફેલાવ્યો, તો અમુકને ગેલમાં પણ લાવી દીધા. ચીની સૈનિકો આકાશી માર્ગે તેમની સહાય માટે આવ્યા હોવાનું તેમણે ધારી લીધું. અમુકે વળી તેમને અમેરિકન ધાર્યા. શરૂઆતમાં જે 48 વિમાનો ટાંગેઈલના આકાશમાં દેખાયાં એ તો પહેલી ફ્લાઈટ હતી. બીજી અને ત્રીજી ફ્લાઈટ કે પછી ચોથી ફ્લાઈટ દ્વારા બધું મળીને જે paratroopers દુશ્મનને હરોળ પાછળ ટપકી પડ્યા તેમની કુલ સંખ્યા તો ૫,૦૦૦ જેટલી હતી. આ સૌએ માત્ર બે કલાકમાં નીતિનિયમો મુજબ પોતાની જુદી જુદી પલટનો રચીને 'ચલો ઢાકા!' ઢાકાની કૂચ શરૂ કરી દીધી.

***Fairchild C-119 Packet***

